# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **અમદાવાદથી 'હબ એન્ડ સ્પોક' સેવાના આરંભ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે હવે રાજ્યના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને 'ઈઝ ઓફ ટ્રાવેલ 'નો સીધો લાભ મળશે.**
2. **પંચાયત સંસ્કરણ કાર્યશાળા ' સમાપન સમારંભે નાયબ મુખ્યમંત્રી રોજ બે કલાક જનતાને સાંભળવા પદાધિકારીઓને આહ્વાન કર્યું.**
3. **ખેડાના મહુધામાં પચાસ જેટલા ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી.**
4. **ધોરણ 10 બાદ ડિપ્લોમા ઇજનેરીની ખાલી બેઠકો માટે નવું મેરિટ જાહેર...વિદ્યાર્થીઓ 3જી સપ્ટેમ્બર સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે.**
5. **ફૂટબોલમાં ગુજરાત સુપર લીગ સિઝન-3ની પ્રારંભિક મેચમાં કર્ણાવતી નાઇટ્સ સામે ગાંધીનગર જાયન્ટ્સનો વિજય.**
6. **સૌરાષ્ટ્રમાં આજથી કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે ભાતીગળ લોકમેળાનો આરંભ.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# REV AHMEDABAD AIRPORT

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ ગઈકાલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર હબ એન્ડ સ્પોક આંતર-રાષ્ટ્રીય ઉડાન સેવાઓનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું , હવે રાજ્યના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને 'ઈઝ ઓફ ટ્રાવેલ'નો સીધો લાભ મળશે....**

**BYTE: BHUPENDRA PATEL**

*(નાના શહેરોને સીધી અને સરળ ઇન્ટરનેશનલ એર કનેક્ટિવિટી આપવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ કદમ છે.આ મોડેલને કારણે હવે નાના શહેરોના ઇન્ટરનેશનલ ટ્રાવેલર્સને તેમના જ શહેરમાં એક ચેક ઇન ઇમિગ્રેશન અને બેગેજ ચેક ની સુવિધા મળતી થઈ જશે. નાના એરપોર્ટથી મોટા એરપોર્ટ પર પ્લેન બદલતી વખતે તેમને પડતી તકલીફમાંથી મુક્તિ મળશે .)*

**આ પ્રસંગે શ્રી નાયડુએ કહ્યું ,નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ભારત ઘણું આગળ વધ્યું છે. આ પ્રસંગે તેમણે દેશમાં આગામી 10 વર્ષમાં નવા 100 વિમાનમથક બનાવવાની પણ જાહેરાત કરતાં આ મુજબ જણાવ્યું ,**

**BYTE: KINJARAPU RAMMOHAN NAIDU, CIVIL AVIATION MINISTER**

*आज हमने अबेन स्पोक मॉडल को एक रियलिटी हमारे भारत में किया है और उस रियलिटी को हमने शुरुआत वाराणसी से की, फिर उसको अगले तौर पर हमने अमृतसर से शुरू किया और आज अहमदाबाद से शुरू कर रहे हैं, इसके लिए बहुत-बहुत बधाई अहमदाबाद वासियों को फिर से मैं देता हूँ।*

**એર ઇન્ડિયા દ્વારા સંચાલિત પહેલી ઈઝી કનેક્ટ સેવા ઉડાન A.I.-1121 અમદાવાદથી રવાના થશે. આ ઉડાન દિલ્હી થઈ વિશ્વભરના વિવિધ સ્થળ પર યાત્રી સેવા ઉપલબ્ધ કરાવશે.**

..............................

# GANDHINGAR VIDHANSABHA WORKSHOP

ગાંધીનગર વિધાનસભા ખાતે આયોજીત પંચાયત સંસ્કરણ કાર્યશાળા' સમાપન સમારોહને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ હતુ કે સત્તા અને હોદ્દા થકી સેવાના માધ્યમથી નાગરિકોના દિલમાં સ્થાન બનાવવાની ઉત્તમ તક છે. દરરોજ બે કલાક જનતાને સાંભળવા અને અઠવાડિયામાં પાંચ દિવસ ગામોની મુલાકાત લેવા પદાધિકારીઓને શ્રી સંઘવીએ આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે પંચાયતી રાજ વ્યવસ્થા દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડી 'વિકસિત ભારત @2047'નું સ્વપ્ન સાકાર થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

**BYTE: RHUSHIKESH PATEL, MINISTER**

*(મોટાભાગના જુદા જુદા વહીવટી વિષયો સાથે અને લોકોની આશાઓ અપેક્ષાઓને સંતોષવા માટે જે પણ કોઈ સરકારી પદ્ધતિ અથવા તો પંચાયતી રાજમાં જે પેપર પ્રોસિજરથી લઈ અને અધિકારીઓ સાથેના સંવાદ અને પ્રવાસ કરી અને જનમાનસમાં પડેલી સમસ્યાઓને સોલ્વ કરવી આ બધા વિષયો સાથે આજનો સંવાદ હતો.)*

..............................

# KHEDA MAHUVA ENCROCHMENT

ખેડા જિલ્લાના મહુધામાં માર્ગ અને મકાન વિભાગે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ રોડ પરના પચાસ જેટલા ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ હતી. મહુધા ચોકડી ખાતે બે વાહન ચાલકો વચ્ચે થયેલ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા કાર ચાલક પર હુમલો કરવામાં આવ્યો હતો. ઇજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રોડ પરના દબાણને લઈને આ તકરાર ઉભી થયેલ હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ માલુમ પડતા જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણ હટાવવા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે.

જેમાં, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને પંચાયતના વિવિધ રસ્તાના **RoW (Right of Way)** મુજબના રાજય માર્ગો તેમજ પંચાયત માર્ગોના દબાણો દુર કરવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની નિમણુંક સહ દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

..............................

## GUJARAT WEATHER

રાજ્યમા હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે..સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તીવ્ર પ્રેશર ગ્રેડિયન્ટના કારણે ઉત્તર ગુજરાતના દરિયાકાંઠે આશરે **28** થી **37** કિમીની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદ માટે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની અને હળવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આજે સવારે પુરા થતાં 24 કલાકમાં 26 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

……………………………

## DIPLOMA ENGINEERING

ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઇજનેરીની ખાલી બેઠકો માટે નવું મેરિટ જાહેર કરાયુ છે. વિદ્યાર્થીઓ ૩જી સપ્ટેમ્બર સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે.

ડિપ્લોમા ઈજનેરીની ખાલી બેઠકોમા **363** વિદ્યાર્થીનો મેરિટમા સમાવેશ કરાયો છે.

ધોરણ **10** પછીના ડિપ્લોમા ઈજનેરીની સરકારી ગ્રાન્ટેડ કોલેજોની ખાલી **3400**થી વધુ બેઠકોની રજિસ્ટ્રેશન પ્રવેશ પ્રક્રિયા **25**મી ઓગસ્ટે પુરી કરવામા આવી હતી. મેરિટમા આવનાર વિદ્યાર્થીઓ **3**જી સપ્ટેમ્બર સુધીમા ઓનલાઇન ચોઈસ ફિલિંગ કરાવી શકશે. ત્યારબાદ **7**મી સપ્ટેમ્બરે બેઠકોની ફાળવણી કરવામા આવશે..

……………………………

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ

**A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

## AHMEDABAD HYDROPONIC MARIJUANA

અમદાવાદ કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનિટ એ સરદાર પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી એક વિદેશી મહિલાને કરોડો રૂપિયાના નશીલા પદાર્થ સાથે ઝડપી પાડી છે. મ્યાનમાર મૂળની આ મહિલા પાસેથી આશરે **6.7** કિલોગ્રામ હાઇડ્રોપોનિક મેરિજુઆના મળી આવ્યો છે.

વિયેતનામથી અમદાવાદ આવેલી આ મહિલા ની હિલચાલ શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવી હતી. કસ્ટમ્સના અધિકારીઓએ પેસેન્જર પ્રોફાઇલિંગ , એક્સ-રે સ્કેનિંગ અને સ્નિફર ડોગની મદદથી તપાસ કરતા મહિલાની ટ્રોલી બેગમા એક ગુપ્ત ખાનું મળી આવ્યું હતું. આ ખાનાની અંદર વેક્યુમ-પેક્ડ પાંચ પારદર્શક પોલિથીન પેકેટોમાં હાઇડ્રોપોનિક મેરિજુઆના છુપાવવામાં આવ્યો હતો.જેને કારણે આ વિદેશી મહિલાની એરપોર્ટ પરથી જ ધરપકડ કરવામાં આવી હતી.

................................

## GUJARAT SUPER LEAGUE SESON -3

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત ગુજરાત સુપર લીગ-3 નો ગઇકાલથી અમદાવાદમાં આરંભ થયો છે. ટ્રાન્સ્ટેડિયા ખાતે આયોજીત પ્રારંભિક

મેચમાં કર્ણાવતી નાઇટ્સ સામે ગાંધીનગર જાયન્ટ્સનો 1-0થી વિજય થયો હતો. આજે પહેલી મેચ વડોદરા વોરિયર્સ અને અમદાવાદ એવેંન્જર્સ જ્યારે બીજી મેચ સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સ અને સુરત સ્ટ્રાઈકર્સ વચ્ચે રમાશે.

..............................

# RAJKOT LOKMELO

સમગ્ર સૌરાષ્ટ્રમાં આજથી લોકમેળા યોજાઇ રહ્યાં છે. ત્યારે રાજકોટમાં આજથી 'વિરાસતથી વિકાસ'ના પ્રતીક સમાન આ લોકમેળાનો આરંભ થઇ રહ્યો છે. નેવી બેન્ડની સૂરાવલીએ અને લોકગાયકોની પ્રસ્તુતી સાથે લોકમેળાનો આરંભ થશે, છ સપ્ટેમ્બર સુધી ચાલનારા આ મેળામાં શ્રી કૃષ્ણ જન્મોત્સવના અવસર નિમિત્તે આયોજિત આ લોકમેળામાં મનોરંજનની સાથે સાથે ગુજરાતની સાંસ્કૃતિક ચેતના, લોકપરંપરા અને સમૃદ્ધ વારસાને ઉજાગર કરવાના આશયથી દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં રાજકોટ અને સૌરાષ્ટ્રના ખૂણે-ખૂણેથી આવતા લાખો મુલાકાતીઓ ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિના દર્શન કરી શકશે.

..............................

## PARLIAMENT COMMITTEE VISIT

સંસદની શિક્ષણ , મહિલા, બાળ, યુવા અને રમતગમત બાબતોની સ્થાયી સમિતિએ ગઇકાલે અમદાવાદમા વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લીધી. સાંસદ મુકુલ વાસનિકના નેતૃત્વ હેઠળ રાજ્યસભા અને લોકસભાના સાંસદોના

પ્રતિનિધિમંડળે સંકુલમાં ઉપલબ્ધ સુવિધાઓ અને ચાલી રહેલા વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું.

આ દરમિયાન સમિતિએ ઓલિમ્પિક સ્ટાન્ડર્ડ એક્વાટિક સેન્ટર , બેડમિન્ટન અને જિમ્નેસ્ટિક્સ એરેના તેમજ અદ્યતન સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ ફિટનેસ સેન્ટરની મુલાકાત લઈને રમતવીરો માટે ઉપલબ્ધ તાલીમ સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી.

..............................

**MORBI MP VINOD CHAVDA**

મોરબીમા સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને દિશા કમિટીની બેઠક યોજાઈ. બેઠક દરમિયાન સાંસદ વિનોદ ચાવડાએ કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણકારી યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી યોજનાઓના અમલીકરણમાં ઝડપ લાવવા , પાત્ર લાભાર્થીઓને સમયસર યોજનાકીય લાભ મળી રહે તથા વિકાસકામો ગુણવત્તાયુક્ત રીતે પૂરા થાય તે અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

..............................

# BHAVNAGAR IG MEETING

ભાવનગરના નકલી દારૂ કાંડ ની ચાલી રહેલી સ્ટેટ મોનીટરીંગ સેલની તપાસ વચ્ચે ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર અસારી દ્વારા ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાવનગર રેન્જમાં સમાવિષ્ટ ભાવનગર, અમરેલી તેમજ બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના સંદર્ભે વિવિધ મુદ્દાઓની સમીક્ષા થઇ હતી. તેમજ કાયદો અને વ્યવસ્થા અંગે કડક કાર્યવાહી કરવા જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

આ કોન્ફરન્સમાં ભાવનગર શહેર જિલ્લા ઉપરાંત અમરેલી તેમજ બોટાદ શહેર અને જિલ્લાના તમામ પોલીસ મથકોના પોલીસ ઈન્સ્પેક્ટર , પોલીસ સબ ઈન્સ્પેક્ટર તેમજ પોલીસ કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

..............................

# BAOU MAY BHARAT BOOT CAMP

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - **BAOU** ખાતે ત્રણ દિવસીય 'માય ભારત ફ્યુચર યુથ લીડર્સ બૂટકેમ્પ 'નો પ્રારંભ થયો છે. આ આવાસીય બૂટકેમ્પમાં યુવા લીડર્સ અને વોલન્ટિયર્સ ભાગ લઈ રહ્યા છે.

શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા , વ્યક્તિત્વ વિકાસ, ટીમવર્ક, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રનિર્માણની ભાવના કેળવવાનો છે. તાલીમ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા પસંદ કરાયેલા નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા યુવાનોને વિવિધ પ્રવૃત્તિઓ અને તાલીમ સત્રો મારફતે માર્ગદર્શન આપવામાં આવશે.

..............................

# BK THAVAR DUDH UTPADAK MANDLI

બનાસકાંઠા જિલ્લાની સહકારી ક્ષેત્રની ઓળખ સમાન બનાસ ડેરી સાથે જોડાયેલી થાવર ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ દૂધ સંપાદનમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.મંડળી દ્વારા ચાલુ વર્ષ દરમિયાન કુલ 2 કરોડ 12 લાખ 48 હજાર 5 કિલોગ્રામ દૂધનું સંપાદન કરવામાં આવ્યું છે.

આ સાથે થાવર દૂધ મંડળી બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ દૂધ સંપાદન કરતી દૂધ મંડળી બની છે.

..............................